**ક્રિ.કેસ. નં.૨૨૬૭/૦૫**

**આંક–૦૧ નું સાંધણ...**

**–:: આંક–૦૧ ચાર્જશીટ લગત હુકમ:–**

સદર કેસના પેપર્સ વંચાણે લીધા, તેમજ નામદાર હાઈકોર્ટના પત્ર નં.(૧) D/2917/2006, Dt.27-04-2006 તથા (૨) D/2917/2006, Dt.10-06-2006 વંચાણે લીધા, તેમજ નામ.સુપ્રિમ કોર્ટે રેણુકા વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા, ૨૦૦૯ ક્રિમી.લો જનરલ ૨૨૪૫ માં ઠરાવેલ છે કે, આરોપી સામેનો કેસ સમન્સ ટ્રાયેબલ હોય અને આરોપી લાંબા સમયથી ગેરહાજર હોય અને આરોપીએ પોતાનું સરનામું બદલી કાઢેલ હોય અને આરોપી બાબતે કોઈ માહિતી મળતી ના હોય તો ક્રિમી.પ્રો. કોડની કલમ–૨૫૮ અન્વયે આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી સ્ટોપ કરી શકાય. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટે પી.રામેશ્વરરાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટકાના પેરા–૩૦(૫) માં ઠરાવ્યા મુજબ પણ ક્રિમી.પ્રોસી. કોડની કલમ–૨૫૮ મુજબ સ્ટોપ પ્રોસીડીંગ્સ કરી શકાય. આમ, સદર કેસ પેપર્સ તથા પ્રોસીડીંગ્સ જોતાં આરોપી સામે ઘણા સમયથી સમન્સ/વોરંટના પ્રોસીડીંગ્સ ચાલે છે. આરોપી વિરૂધ્ધનું સમન્સ/વોરંટ કોઈપણ રીતે બજતું નથી કે સમન્સ/વોરંટમાં બતાવેલા સરનામે રહેતા ન હોવાના શેરા સાથે પરત આવેલ છે, જે જોતાં જણાય છે કે પોલીસ ડીપાર્ટમેન્ટને આરોપી વિરૂધ્ધની પ્રોસેસની બજવણી કરવા માટે અત્રેની અદાલતે વારંવાર તક આપેલ છે પરંતુ પોલીસ ડીપાર્ટમેન્ટ આરોપી વિરૂધ્ધની પ્રોસેસની બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવી શકેલ નથી. આથી, ઉપરોકત તમામ સંજોગોમાં પોલીસ ડીપાર્ટમેન્ટને આરોપી વિરૂધ્ધના પ્રોસેસની બજવણી કરવા માટે પુરતો સમય મળેલ હોવા છતાં આરોપીને સમન્સ/વોરંટ બજાવી શકેલ નથી. આથી પોલીસ ડીપાર્ટમેન્ટને વધુ સમય આપવો ન્યાયોચીત જણાતું નથી. આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આથી આરોપી વિરૂધ્ધનાં કેસની પ્રોસીડીંગ્સ ક્રિમી.પ્રો.કોડની કલમ–૨૫૮ મુજબ સ્ટોપ કરી આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, સદર કામના આરોપી મળી આવ્યેથી તેના વિરૂધ્ધ ફરીથી ઈન્સાફી કાર્યવાહી કરવાની ફરીયાદપક્ષને સ્વતંત્રતા રહેશે.

હુકમ આજરોજ તા.૨૬ મી જુન, સને–૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૬/૦૬/૨૦૨૨.

(પરેશગીરી નટવરગર ગોસ્વામી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૧, અમદાવાદ.
**UID - GJ0 1037**